

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-18 ■ તા. 25-04-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## બીજા દેશોમાં 'પાણીના ભાવે' વેચાતી કોવિશીલ્ડ રસી ભારતમાં જ સૌથી મોંઘી કેમ?

ન્યુ દિલ્હી,તા.૨૪

મે, થી ખાનગી હોસ્પિટલોને કોવિશીલ્ડ રસી ૬૦૦ રૂપિયામાં અપાશે. ૬૦૦ રૂપિયા એટલે કે લગભગ આઠ ડોલર. આમ આ રસીના આખી દુનિયામાં સૌથી વધુ ભાવ છે. બ્રિટનમાં આ ત્રણ ડોલર અને અમેરિકામાં ચાર ડોલરમાં વેચાય છે. ભારત બાદ આ સાઉદી અરબર અને દક્ષિણ આફ્રિકામાં સવા પાંચ ડોલરમાં વેચાય છે. યુરોપિયન યુનિયનના કેટલાંક દેશોને તો આ માત્ર ૨.૧૫ ડોલરમાં વેચાય રહી છે.

સૌથી અચરજ પમાડનારી વાત એ છે કે રસી બનાવનાર કંપની સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાના માલિક અદાર પૂનાવાલાએ એકવખત કહ્યું હતું કે પ્રોફિટ તો તેઓ ૧૫૦ રૂપિયાના ભાવ પર પણ કમાઈ રહ્યા છે. તમે જાણો છો કે સીરમ ઈન્સ્ટિટ્યુટ આ વેકસીનને બનાવાનું કામ કરે છે. તેને વિકસિત તો ઓક્સફોર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાઝેનેકાએ કર્યું છે.

રસી બનાવનારી સૌથી મોટી કંપની સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા(SII)એ કહ્યું છે કે કોરોનાની રસી કોવિશીલ્ડની કિંમત રાજ્ય સરકારો માટે ૪૦૦ રૂપિયા અને ખાનગી હોસ્પિટલો માટે ૬૦૦ રૂપિયા પ્રતિ ડોઝ રહેશે.

કંપનીના CEO એ કહ્યું કે ૧૫૦ રૂપિયા પ્રતિ ડોઝની વ્યવસ્થા સમાપ્ત થવા પર કેન્દ્ર સરકારને પણ એક ડોઝ ૪૦૦ રુપિયામાં મળશે. રસીનું પહેલું શિપમેન્ટ ગયા બાદ પુનાવાલાએ કહ્યું કે અમે ફક્ત ભારત સરકારના જ ૧૦૦ મિલિયન ડોઝ માટે ૨૦૦ રૂપિયામાં આપ્યા બાદ અમે બજારમાં ભાવ ૧૦૦૦ રૂપિયા કરી દઈશું. પરંતુ SII દ્વારા નક્કી કરવામાં આવેલી કિંમત કોઈ પણ વૈશ્વિક બજારની સરખામણીએ વધુ છે.

જો રાજ્ય એ નિર્ણય કરશે કે તે ડોઝનો ખર્ચ તે નહીં ચૂકવી શકે તો સરકારી હોસ્પિટલોમાં રસી લગાવનારા ભારતીયોને પોતાના ખિસ્સામાંથી પ્રતિ ડોઝ ૪૦૦ રૂપિયા(૫.૩૦ ડોલરથી વધુ) ચૂકવવા પડશે. આ કિંમત તેનાથી વધારે છે જે કિંમત પર અમેરિકા, બ્રિટન અને યુરોપીય સંઘ જેવા દેશોમાં સરકારો સીધી એસ્ટ્રાઝેનેકા પાસેથી રસી ખરીદી રહી છે.

SIIથી રસીની આપૂર્તિ માટે બાંગ્લાદેશ, સાઉદી અરબ અને દક્ષિણ આફ્રિકા જેવા દેશો દ્વારા નક્કી મૂલ્યોથી વધારે છે. જેમાંથી મોટા ભાગના દેશોમાં રસીના ડોઝ ફ્રી કરી દેવામાં આવ્યા છે. સ્વિડિશ- બ્રિટન ડ્રગ્સ નિર્માતા પાસેથી લાઈસન્સ હેઠળ SII એસ્ટ્રાજેનેકા અને ઓક્સફોર્ડ દ્વારા વિકસિત રસીનું નિર્માણ કરી રહ્યા છે અને ભારતમાં રસીનું ટ્રાયલ પણ કર્યુ છે.કોવિશીલ્ડના એક ડોઝની કિંમતની વાત કરીએ તો ૨૭ દેશોના સમૂહ યુરોપીય યુનિયન આ રસીના એક ડોઝ માટે ૨.૧૫થી ૩.૫૦ ડોલર (૧૬૧.૭૨૩ રૂપિયાથા ૨૬૩.૨૭ રુપિયાની વચ્ચે) ભરવાના રહેશે. યુરોપીય સંઘએ ૪૦૦ મિલિયન ડોઝના બદલે ઓગસ્ટ ૨૦૨૦માં એસ્ટ્રાજેનેકામાં ૩૯૯ મિલિયન રોકાણ કર્યું હતુ. બ્રિટિશ મેડિકલ જર્નલ દ્વારા સંકલિત આંકડા અનુસાર લગભ ૩ ડોલર(૨૨૫.૬૬ રૂપિયા) પ્રતિ ડોઝ ચૂકવવાના રહેશે અને અમેરિકાએ ૪ ડોલર( ૩૦૦.૮૮ રૂપિયા) પ્રતિ ડોઝ ચૂકવવાના રહેશે. યુએસ અને યુકે બન્ને સીધા એસ્ટ્રાજેનેકાને પેમેન્ટ કરી રહ્યા છે.

## ઉદ્ધવે કોરોનાની બીજી લહેરની આગાહી કરી હતી, છતાં કંઈ તૈયારી કરી નહીંઃ ભાજપ

મુંબઈ,તા.૨૪

કોરોનાની બીજી લહેર આવી શકે છે એવી આગાહી મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ ગયા વર્ષે નવેમ્બરમાં જ કરી હતી છતાં મહારાષ્ટ્ર સરકારે આ જોખમ માટે કોઇ પણ તૈયારી નહોતી, એમ ભાજપના વરિષ્ઠ નેતા માધવ ભંડારીએ શુક્રવારે જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાને નવેમ્બરમાં જ ઓક્સિજનના ઉત્પાદન માટેના પ્લાન્ટ ઊભા કરવાનું શરૂ કરી દીધું હોત તો હોસ્પિટલોમાં હાલમાં ઓક્સિજનની અછત સર્જાઇ ન હોત, એમ તેમણે કહ્યું હતું.

'નવેમ્બરમાં કોરોનાના કેસમાં ઘટાડો થયા બાદ ૨૨મી નવેમ્બરે મુખ્ય પ્રધાને ફેસબુક દ્વારા લોકોને સંબોધ્યા હતા. તેમણે કહ્યું હતું કે કોરોનાના કેસમાં ઘટાડો થયો છે, પરંતુ જોખમ હજી ટળ્યું નથી અને અમુક પશ્રિ્ચમી દેશોના ઉદાહરણ આપીને કોરોનાની બીજી લહેર આવવાની આગાહી પણ કરી હતી. ફેબ્રુઆરીમાં પણ તેમણે આ વિશે કહ્યું હતું', એમ ભંડારીએ કહ્યું હતું.

કોરોનાની બીજી લહેર માટેની તેમની આગાહી સાચી ઠરી તેથી સવાલ એ ઊભો થાય છે કે જો રાજય સરકારને કોરોનાના જોખમની પહેલાથી માહિતી હતી તો આ સ્થિતિને પહોંચી વળવા માટે તેમના દ્વારા કયાં પગલાં લેવામાં આવ્યા?, એવો સવાલ પણ તેમણે કર્યો હતો.

## દિલ્હીની જયપુર ગોલ્ડન હોસ્પિટલમાં ઓક્સિજનની તંગી, ૨૫ દર્દીઓના મોત

ન્યુ દિલ્હી,તા.૨૪

શની રાજધાની દિલ્હીમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને હોસ્પિટલોમાં દાખલ દર્દીઓની સારવાર માટે જરૂરી ઓક્સિજનની પણ ભારે તંગી છે. દિલ્હીની જયપુર ગોલ્ડન હોસ્પિટલમાં ઓક્સિજનની તંગીના કારણે ૨૫ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. બત્રા અને સર ગંગારામ હોસ્પિટલમાં પણ ઓક્સિજનની ભારે તંગી છે અને થોડા સમય સુધી ચાલે તેટલો જ ઓક્સિજન ઉપલબ્ધ છે.

જયપુર ગોલ્ડન હોસ્પિટલના એમડી ડોક્ટર ડીકે બલૂજાએ કરેલા દાવા પ્રમાણે ગઈકાલે સાંજે ઓક્સિજન પુરવઠાની તંગીના કારણે ૨૦ અતિ ગંભીર દર્દીઓના મોત થયા હતા. બત્રા હોસ્પિટલમાં ઓક્સિજનનું એક ટેક્કર પહોંચી ગયું છે. બત્રા હોસ્પિટલના એમડી ડોક્ટર એસસીએલ ગુપ્તાના કહેવા પ્રમાણે હોસ્પિટલને ટ્રક દ્વારા ૫૦૦ કિગ્રા ઓક્સિજન પહોંચાડવામાં આવ્યો છે જે ઓક્સિજન મળ્યા બાદના આગામી એક કલાક માટે પૂરતો છે. હોસ્પિટલમાં ૨૬૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

જયપુર ગોલ્ડન હોસ્પિટલના એમડી ડૉકટર ડીકે બલૂજાએ દાવો કર્યો કે ગઇકાલે સાંજે ઓક્સિજનના પુરવઠાની અછતના લીધે અંદાજે ૨૦ ખૂબ જ ગંભીર દર્દીઓના મોત થયા.

બીજીબાજુ બત્રા હોસ્પિટલમાં ઓક્સિજનની એક ટેક્કર પહોંચી ગઇ છે. બત્રા હોસ્પિટલના એમડી ડૉકટર એસસીએલ ગુપ્તાએ કહ્યું કે હોસ્પિટલના ૫૦૦ કિલોગ્રામ ઓક્સિજન ટ્રક દ્વારા પહોંચાડવામાં આવી રહ્યો છે. જે ઓક્સિજન મળ્યા બાદ આવતા ૧ કલાક માટે પૂરતો રહેશે. હોસ્પિટલમાં ૨૬૦ દર્દી દાખલ છે.

દિલ્હીની હોસ્પિટલમાં ઓક્સિજનને લઇ સંકટ ઘેરાઇ રહ્યું છે. એક પછી એક કેટલીય હોસ્પિટલની તરફથી ઓક્સિજનની અછતની વાત થઇ રહી છે. દિલ્હીની મૂલચંદ હોસ્પિટલની તરફથી પીએમ મોદી, સીએમ કેજરીવાલથી લઇ એલજી સુધી ઓક્સિજનને લઇ મદદ માંગી છે. હોસ્પિટલની તરફથી કહેવામાં આવ્યું છે કે અમારી પાસે થોડાંક જ સમયનો ઓક્સિજન બચ્યો છે. મૂલચંદ હોસ્પિટલના મેડિકલ ડાયરેકટર મધુ હાંડા એક ટીવી ન્યૂઝ ચેનલ સાથે વાત કરતાં-કરતાં રડવા લાગ્યા, કહ્યું માત્ર ૩૦ મિનિટનો ઓક્સિજન બાકી છે.

## બેકાબૂ કોરોના વચ્ચે દેશ છોડી રહ્યા છે લોકો ૧૦ ઘણુ ભાડુ ચૂકવીને જઇ રહ્યા છે દુબઇ

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોના વાયરસની મહામારીના પ્રકોપની વચ્ચે અમીર ભારતીયો દેશ છોડીને યુએઇ જવા લાગ્યા છે. તેની વચ્ચે યુએઇ માટે ટિકીટના ભાવોમાં જબરજસ્ત ઉછાળો જોવા મળ્યો છે. એટલું જ નહી પ્રાઈવેટ જેટની માંગ પણ આ દિવસોમાં વધી ગઇ છે. યુએઇ જનારી ફ્લાઇટ બંધ થતા પહેલા લોકો મોટી સંખ્યામાં દુબઇ પહોચવાના જુગાડ લગાવી રહ્યા છે. ભારતમાં કોરોના રેકોર્ડ સ્તરે પહોચી રહ્યો છે. હોસ્પિટલોની હાલત બગડતી જઇ રહી છે. તેવામાં યુએઇએ રવિવારથી ભારતથી આવનારી ફ્લાઇટ પર પ્રતિબંધ લગાવવાની જાહેરાત કરી છે.

યુએઇ અને ભારતની વચ્ચે એરરૂટ અત્યંત વ્યસ્ત રૂટમાંથી એક છે. ફ્લાઇટ ટિકીટની સરખામણી કરનારી એક વેબસાઇટ પ્રમાણે મુંબઇથી દુબઇ જતી કોમર્શીયલ ફ્લાઇટની ટિકીટના ભાવ ૮૦ હજાર રૂપિયા થઇ ગયા છે. જે સામાન્ય કરતાં ૧૦ ઘણા વધારે છે. દિલ્હીથી દુબઇ જતી ફ્લાઇટની ટિકીટના ભાવ પચાસ હજારથી વધારે થઇ ગયા છે. જે સામાન્ય દિવસોની સરખામણીમાં પાંચ ઘણા વધારે છે. જો કે પ્રતિબંધની જાહેરાત પછી રવિવારથી કોઇ પણ ફ્લાઇટની ટિકિટ ઉપલબ્ધ નથી.

ક એરઆર્ટર સર્વિસ કંપનીના પ્રવક્તાએ કહ્યુ કે પ્રાઇવેટ જેટ માટેની માંગમાં પણ જબરજસ્ત વધારો થયો છે. તેમણે કહ્યુ કે ૧૨ ફ્લાઇટ દુબઇ જવાની છે. અને તે તમામ ફ્લાઇટ ફૂલ થઇ ગઇ છે. એક અન્ય અધિકારી પ્રમાણે લોકો ગ્રુપ બનાવીને પ્રાઇવેટ જેટનું બુકિંગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અને તેમાં સૌથી વધારે માંગ દુબઇ માટે થઇ રહી છે.

## કોરોનાના ડબલ અને ત્રિપલ મ્યુટેશન સામે રસી અસરકારક

ન્યુ દિલ્હી,તા.૨૪

ભારતમાં સામે આવેલા કોરોનાના ડબલ અને ત્રિપલ સ્વરૂપ લગભગ એક જેવા જ છે અને હાલની રસી તેની વિરુદ્ધ અસરકારક છે. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ બાયોમેડિકલ જીનોમિક્સના ડાયરેક્ટર સૌમિત્ર દાસે માહિતી આપી હતી. સાર્સ-સીઓવી-૧૯ના જીનોમ અનુક્રમણ પર એક વેબિનારમાં બોલતા દાસે કહ્યુ કે ડબલ અને ત્રિપલ સ્વરૂપ બોલચાલ માટે છે અને બન્નેના સંદર્ભમાં કોરોના સમાન સ્વરૂપ બી.૧.૬૧૭ માટે ઉપયોગ કરવામાં આવી રહ્યું છે.તેમણે કહ્યુ કે ડબલ અને ત્રિપલ સ્વરુપ એક જ છે. ડબલ અને ત્રિપલ સ્વરુપ અતિવ્યાપક શબ્દ છે. અલગ અલગ સંદર્ભમાં તેને અલગ રીતે ઉપયોગ કરાયો છે.

ધ નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ બાયોમેડિકલ જીનોમિક્સ જૈવ ટેક્નોલોજી વિભાગ અંતર્ગત આવનારા સંસ્થાન છે અને દેશની એ ૧૦ લેબોરેટરીમાંથી એક છે જે કોરોના વાયરસના જીનોમ રિસર્ચમાં સામેલ છે.

સ્વાસ્થય મંત્રાલયના જણાવ્યાનુસાર છેલ્લાં ૨૪ કલાકમાં ભારતમાં ૩,૪૬,૭૮૬ નવા કેસ આવ્યા છે. ત્યારે આ દરમિયાન રેકોર્ડબ્રેક ૨૬૨૪ કોરોનાના દર્દીના મોત થયા છે. સતત ૮ દિવસથી કોરોનાના દર્દીના મોતની સંખ્યા રેકોર્ડ તોડી રહી છે. દેશમાં મરનારાની કુલ સંખ્યા વધીને ૧,૮૯,૫૪૪ થઈ ગઈ છે. બ્રાઝિલ બાદ ભારત એક માત્ર દેશ છે જ્યાં આટલા મોત થયા છે. અત્યાર સુધીમાં કોરોનાના કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૬૬,૧૦,૪૮૧ થઈ ગઈ છે. દેશમાં એક્ટિવ કેસના દર્દીઓની સંખ્યા ૨૫,૫૨,૯૪૦ પર પહોંચી ગઈ છે. આ કુલ સંક્રમિતોની સંખ્યાના ૧૫.૩ ટકા છે.

દેશમાં ૧,૩૮,૭૯,૮૩૨ લોકો સાજા થયા આ પહેલા ગુરુવારે રાત સુધીમાં કોરોનાથી ૩.૩૨ લાખ નવા કેસ આવ્યા હતા. જેથી દેશમાં એક્ટિવ કેસની રેકોર્ડ બ્રેક આંકડા સામે આવ્યા હતા. એક દિવસમાં ૧ લાખ ૪૨ હજાર ૮૦ એક્ટિવ કેસ વધ્યા હતા. દેશમા ૧,૩૮,૬૭,૯૯૭ લોકો સાજા થયા છે.

## કોરોનાના દર્દીને પલંગ આપવા પહેલા તેની થશે વૈદ્યકીય તપાસ

મુંબઇ,તા.૨૪

મુંબઈમાં કોરોનાના વધતા જતા દર્દીની સંખ્યા સામે હૉસ્પિટલ અને કોવિડ કેર સેન્ટરમાં જગ્યા ખૂટવા માંડી છે, ત્યારે મુંબઈમાં હવેથી પાલિકાના ડૉકટર કોરોનાના દર્દીના ઘરે જઈને તેની વૈદ્યકીય તપાસ કરશે અને ત્યારબાદ તેને હૉસ્પિટલમાં દાખલ કરવાની આવશ્યકતા છે કે નહીં તે નક્કી કરવામાં આવશે. આ માટે પાલિકાએ ખાસ દરેક વોર્ડમાં દસ ટીમ બનાવવાની અને દરેક ટીમ માટે સ્વતંત્ર ઍમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવાનો આદેશ પાલિકા કમિશનર ઈકબાલસિંહ ચહલે આપ્યો છે. રવિવારથી આ નિર્ણયને અમલમાં મૂકવામાં આવવાનો છે.ધતા જતા દર્દીની સંખ્યા સામે હૉસ્પિટલ અને કોવિડ કેર સેન્ટરમાં દર્દીઓને પલંગ માટે ફાંફા મારવા પડી રહ્યા છે. દર્દીઓને ત્રણથી ચાર દિવસ સુધી હૉસ્પિટલમાં દાખલ થવા માટે રાહ જોવી પડતી હોય છે, ત્યારે હવેથી મુંબઈમાં કોરોનાના દર્દી માટે ઉપલબ્ધ રહેલા પંલગની વહેંચણી જે-તે દર્દીની વૈદ્યકીય તપાસ બાદ જ કરવી એવો આદેશ પાલિકા કમિશનર ઈકબાલસિંહ ચહલે આપ્યો છે.પાલિકા પ્રશાસને શનિવારે બહાર પાડેલા સર્ક્યુલર મુજબ હવેથી કોરોનાના તીવ્ર અને સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીને સીધો હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવશે નહીં. દર્દીના ઘરે પાલિકાના મેડિકલ ટીમ ઘરે જશે અને તેની મેડિકલ તપાસ કરશે અને ત્યારબાદ 'વોર્ડ વૉર રૂમ' સાથે આ મેડિકલ ટીમ સમન્વય સાધશે. દર્દીના ઘરે જઈને મેડિકલ તપાસ કરવા માટે દરેક વોર્ડ સ્તરે ઓછામાં ઓછી ૧૦ સ્વતંત્ર ટીમ અને દરેક ટીમ માટે સ્વતંત્ર ઍમ્બ્યુલન્સ રાખ્વાનો આદેશ પાલિકા કમિશનરે આપ્યો છે.મુંબઈના ૨૪ વોર્ડમાં 'વોર્ડ વૉર રૂમ' દ્વારા કોરોનાના દર્દીને પલંગની વહેંચણી કરવામાં આવશે. જેમાં સામાન્ય પલંગ, ઑક્સિજન સહિતનો પલંગ, આઈસીયુ અને વેન્ટિલેટર સાથેના પલંગ વગેરેનો સમાવેશ થાય છે.

કોરોનાના દર્દીને ઘરે જઈને તેની તપાસ કરવા માટેનો સમય સવારના ૭ વાગ્યાથી રાતના ૧૧ વાગ્યા સુધીનો હશે. તો રાતના ૧૧ વાગ્યાથી સવારના ૭ વાગ્યા સુધીના સમયમાં કોઈ દર્દીને તાત્કાલિક ધોરણે વૈદ્યકીય તપાસની આવશ્યકતા નિર્માણ થઈ તો તે પાલિકાના જમ્બો કોવિડ સેન્ટરમાં કરવામાં આવશે. જોકે તે પણ 'વોર્ડ વૉર રૂમ' મારફત જ કરવામાં આવશે.

## દુનિયામાંઃસતત ત્રીજા દિવસે રેકોર્ડ ૮.૯૬ લાખ નવા કેસ, ૧૪ હજારથી વધુના મોત

વોશિંગ્ટન,તા.૨૪

વિશ્વભરમાં કોરોનાનો કહેર ચાલુ છે. છેલ્લા ૨૪ કલાકમાં વિશ્વમાં ૮.૯૬ લાખ નવા કેસ નોંધાયા છે. આ એક જ દિવસમાં જોવા મળતા નવા કેસનો સૌથી મોટો આંક છે. આ પહેલા ૨૨ એપ્રિલના રોજ ૮.૯૨ લાખ ૨૧ એપ્રિલના રોજ ૮.૮૮ લાખ સંક્રમિતોમાં કોરોનાને પુષ્ટિ થઈ હતી. ગઈ કાલે વિશ્વમાં ૧૪,૨૧૮ લોકો મૃત્યુ પામ્યા હતા.

ભારતમાં કોરોનાનાદરડીનો આંક પ્રમાણ સતત વધી રહ્યો છે. શુક્રવારે અહીં રેકોર્ડ ૩ લાખ ૪૪ હજાર ૯૪૯ નવા દર્દીઓ મળી આવ્યા હતા. ગયા વર્ષથી અત્યાર સુધી કોઈ દેશમાં એક જ દિવસમાં મળેલા નવા દર્દીઓનો આ સૌથી મોટો આંકડો છે. શુક્રવારે, ૨,૬૨૦ લોકો મૃત્યુ પામ્યા હતા. એક જ દિવસમાં થયેલા મૃત્યુનો આ નવો રેકોર્ડ છે.

અમેરિકાએ જોનસન એન્ડ જોનસનની કોરોના વેક્સિન પરનો પ્રતિબંધ હટાવ્યો છે. દેશના ટોપ હેલ્થ રેગ્યુલેટર્સનું કહેવું છે કે આ વેક્સિનનો ઉપયોગ ફરીથી કરી શકાય છે. જોનસન એન્ડ જોનસન વેક્સિન બ્લડ ક્લોટ થઈ જવાના જોખમમાં વધારો થવાના કારણે ૧૧ દિવસ માટે પ્રતિબંધિત કરવામાં આવી હતી.

સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (CDC) અને ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)એ શુક્રવારે કહ્યું હતું કે વેક્સિનના કારણે બ્લડ ક્લોટ અને લો પ્લેટલેટનું ખૂબ ઓછું જોખમ છે. ઝહ્રઝ અને હ્વહ્રછને ૮ મિલિયન ડોઝમાંથી માત્ર ૧૫ એવા કેસ જ પ્રાપ્ત થયા છે.

ન્યૂઝ એજન્સી રોઈટર્સ અનુસાર, FDAના અધિકારીઓનું કહેવું છે કે નિર્ણય તાત્કાલિક અમલમાં આવશે, એટલે કે જોનસન એન્ડ જોનસનની વેક્સિન ૨૪ એપ્રિલથી લોકોને આપવામાં આવશે. જો કે, હવે વેક્સિનની સાથે નવી ફેક્ટશીટ આપવામાં આવશે, જેમાં લોકોને બ્લડ ક્લોટના જોખમ અંગે સતર્ક કરવામાં આવશે.ભારતે કોરોના વેક્સિનના નિર્માણ માટે ઉપયોગમાં લેવામાં આવતા કાચા માલના નિકાસ પરના પ્રતિબંધોને દૂર કરવા અંગે અમેરિકાએ ફરીથી ઈનકાર કર્યો છે. યુએસ વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે અમે ભારતની વિનંતી પૂરી કરતા પહેલા અમારા નાગરિકોને પ્રાથમિકતા આપીશું. અમેરિકન લોકો પ્રત્યે અમારી વિશેષ જવાબદારી છે.વિશ્વમાં અત્યાર સુધીમાં ૧૪.૬૨ કરોડથી વધુ લોકો કોરોનાની ઝપેટમાં આવી ચૂક્યા છે. તેમાંથી ૩૦ લાખ ૯૯ હજાર દર્દીઓ મૃત્યુ પામ્યા છે. ૧૨.૪૦ કરોડ લોકો સાજા થયા છે. હાલમાં ૧.૯૧ કરોડ લોકો સારવાર હેઠળ છે. તે પૈકી ૧ લાખ ૯ હજાર ૯૨૪ દર્દીઓની હાલત નાજુક છે અને ૧.૯૦ કરોડ લોકોમાં કોરોનાના હળવા લક્ષણો છે.

## મહારાષ્ટ્રમાં પ્રવાસ માટે ફરી ઇ-પાસ સિસ્ટમ શરૂ

મુંબઇ,તા.૨૪

કોરોનાના વધી રહેલા કેસને રોકવા માટે કડક નિયંત્રણો લાદવામાં આવ્યા હોવાથી રાજ્ય પોલીસ દ્વારા કટોકટીની સ્થિતિમાં આંતરરાજ્ય અને આંતરજિલ્લા પ્રવાસ માટે શુક્રવારે ફરીથી ઇ-પાસ સિસ્ટમ શરૂ કરી છે, એમ ટોચના પોલીસ અધિકારીએ કહ્યું હતું.પ્રવાસ, ઓફિસોમાં હાજરી, લગ્નસમારંભો પર રાજ્ય સરકાર દ્વારા લદાયેલા નવાં નિયંત્રણોનો ગુરુવાર રાતથી અમલ કરવામાં આવ્યો હતો. રાજ્યમાં કોરોનાના વધી રહેલા કેસને ધ્યાનમાં લઈને ૧૪ એપ્રિલથી કડક નિયંત્રણો લદાયા હતા. જોકે સ્થિતિ ન સુધરતાં બુધવારે નવા લોકડાઉન જેવા નિયંત્રણો લાદવામાં આવ્યા છે.રાજયના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) સંજય પાંડેએ જણાવ્યું હતું કે શુક્રવારથી ઇ-પાસ સિસ્ટમ ફરી શરૂ કરવામાં આવી છે અને નાગરિકોએ જો કટોકટી હોય તો જ તેનો ઉપયોગ કરવો જોઈએ. નાગરિકોએ આ માટે અરજી કરવાની રહેશે. આમાં જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહેશે અને તીવ્ર કટોકટીમાં પ્રવાસના કારણનો ઉલ્લેખ પણ કરવાનો રહેશે. જો ઓનલાઇન ઇ-પાસ સિસ્ટમનો એક્સેસ જેમની પાસે ન હોય તેઓ નજીકના પોલીસ સ્ટેશનમાંથી ઇ-પાસ પ્રાપ્ત કરી શકે છે. પોલીસ સ્ટેશનમાં કર્મચારીઓ ફોર્મ ભરવા અને ઇ-પાસ જારી કરવામાં મદદ કરશે, એમ તેમણે કહ્યું હતું.

ઇ-પાસ કટોકટીમાં પ્રવાસ કરવા મળે તે માટે નાગરિકોના ઉપયોગ માટે જ છે. અગાઉ આ મહિને અન્ય નિયંત્રણો અમલમાં આવ્યા ત્યારે એક પોલીસ અધિકારીએ કહ્યું હતું કે ઇ-પાસની જોગવાઇ હાલમાં કરવામાં આવી નથી અને કટોકટીમાં હોય તે તેમને પ્રવાસ કરવો દો એવી સૂચના આપવામાં આવી હતી. જોકે નવા નિયંત્રણો દરમિયાન કટોકટીના પ્રવાસ માટે અનેક વિનંતીઓ કરાઇ રહી હોવાથી આખરે લોકોની સુવિધા માટે ઇ-પાસ સિસ્ટમ ફરીથી શરૂ કરાઇ છે, એમ પણ અધિકારીએ જણાવ્યું હતું.

ગયા વર્ષે રાષ્ટ્રવ્યાપી લોકડાઉન દરમિયાન ઇ-પાસ સિસ્ટમ તમામ કટોકટી અને મહત્ત્વપૂર્ણ સેવાઓ માટે રજૂ કરવામાં આવી હતી, જેમાં પોલીસ દ્વારા લાખો પાસ જારી કરવામાં આવ્યા હતા. હાલમાં મુંબઈ પોલીસે જરૂરી સેવાનાં વાહનો માટે કલર કોડ સ્ટિકર જારી કરવા માટે પ્રણાલી રજૂ કરી છે.

## પીઆરના બદલે વેક્સિજન અને ઓક્સિજન પર ધ્યાન આપો- રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોનાના કેસમાં રેકોર્ડ સમાન વધારો થઈ રહ્યો છે અને હોસ્પિટલોમાં ઓક્સિજનની તંગીના કારણે ભારે સંખ્યામાં દર્દીઓ મરી રહ્યા હોવાથી વિપક્ષ સતત કેન્દ્ર સરકારને ટાર્ગેટ કરી રહ્યું છે. કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને પીઆર અને બિનજરૂરી પ્રોજેક્ટ પર ખર્ચો કરવાના બદલે વેક્સિન, ઓક્સિજન અને અન્ય સ્વાસ્થ્ય સેવાઓ પર ધ્યાન આપવા સલાહ આપી હતી. રાહુલ ગાંધીએ કહ્યું કે, દિલ્હીની જયપુર ગોલ્ડન હોસ્પિટલમાં ઓક્સિજનની તંગીના કારણે અનેક દર્દીઓના મોત થયા તે ખૂબ જ દુખદ સમાચાર છે. મૃતકોના પરિવારજનો પ્રત્યે મને ગાઢ સંવેદના છે. હું રાજ્ય સરકાર અને કોંગ્રેસી કાર્યકરોને વિનંતી કરૂ છું કે તેઓ પોતાના પરિવારને તમામ સંભવિત મદદ પૂરી પાડે.

# તંત્રી લેખ

## ભારતમાં આવી પડેલા સંકટમાં માટે પાકિસ્તાનમાં દુઆઓ

*દેશમાં કોરોના સંકટની વચ્ચે પાકિસ્તાનમાં ભારતના સમર્થનમાં હેશટેગ ટ્રેન્ડ કરી રહ્યો હતો. ભારતમાં ઓક્સિજનની મુશ્કેલી અને કોરોનાની બગડતી સ્થિતિ પર પાકિસ્તાનમાં લોકોએ પોતાના પ્રધાનમંત્રી ઈમરાન ખાનને સંકટના સમયમાં મદદ કરવાનો આગ્રહ કર્યો. સોશિયલ મીડિયા પર ઈંઈન્ડિયનલાઈવ્ઝમેટર, ઈંપાકિસ્તાનસ્ટેન્ડવિધઈન્ડિયા, ઈંઈન્ડિયાનીડઓક્સિજન, ઈંપાકિસ્તાનવિધઈન્ડિયા ટ્રેન્ડ કરવા લાગ્યું. આ બધાની વચ્ચે પાકિસ્તાનના સમાજસેવક અબ્દુલ સત્તાર ઈદીના દીકરા ફૈસલ ઈદીએ ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમણે ભારતમાં વધતા કોરોના વાયરસના કેસ પર ચિંતા વ્યક્ત કરી છે અને મદદની રજૂઆત કરી.*

*ફૈસલે પોતાના પત્રમાં લખ્યું કે અમે ઈદી ફાઉન્ડેશન ભારતના લોકો પર પડી રહેલા કોરોના સંકટની અસરને જોઈ રહ્યા છીએ. અમને એ જાણીને દુઃખ થયું છે કે મહામારીની તમારા દેશ પર એટલી મોટી અસર છે જ્યાં મોટી સંખ્યામાં લોકોક ઝઝૂમી રહ્યા છે. તેમણે સંવેદના વ્યકત કરતાં પોતાની સેવાની સાથો સાથ ૫૦ એમ્બ્યુલન્સની રજૂઆત કરી છે.*

*તેમણે કહ્યું કે તેમની ટીમમાં મેડિકલ ટેકનીશન્સ, ઓફિસ સ્ટાફ, ડ્રાઈવર્સ અને સપોર્ટ સ્ટાફ સામેલ છે અને આ તમામ જરૂરિયાતોને ફાઉન્ડેશન જ પૂરી કરશે, તેનો બોજ ભારત પર આવશે નહીં. તેના માટે તેમણે ભારત આવવાની મંજૂરી અને સ્થાનિક-પોલીસ પ્રશાસનનો સહયોગ માંગ્યો છે. તેમણે કહ્યું કે ગંભીર વિસ્તારોમાં મદદ માટે ટીમ મોકલવા તેઓ ઈચ્છુક છે. ફૈસલ ખુદ ટીમને લીડ કરતાં ભારત આવવા માંગે છે અને મંજૂરી મળતા જ રવાના થવાની તૈયારી છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે આ સેવાના બદલે તેઓ ભારત પર કોઈપણ પ્રકારનો કોઈ બોજ પડવા દેશે નહીં.*

*દેશમાં કોવિડ-૧૯ વૈશ્વિક મહામારી સતત ભયાનક સ્વરૂપ ધારણ કરતી રહી છે. છેલ્લાં ૨૪ કલાકમાં એક દિવસમાં રેકોર્ડ ૩.૪૬ લાખથી વધુ નવા કેસ આવ્યા. શુક્રવારના રોજ સંક્રમણના કુલ કેસ વધીને ૧,૬૨,૬૩,૬૯૫ થઈ ગયા છે. કેન્દ્રીય સ્વાસ્થય મંત્રાલયના શુક્રવાર સુધીના આંકડાના મતે ૨૪ લાખથી વધુ લોકો હજુ પણ સંક્રમણની ઝપટમાં છે. દેશમાં વધુ ૨૨૬૩ લોકોના મોત થયા બાદ મૃતકોની સંખ્યા ૧,૮૬,૯૨૦ પર પહોંચી ગઈ છે.*

# સદાબહાર સૂર - ૧૭

## અવિનાશ વ્યાસ

એક સમયને અવિનાશ વ્યાસના જાજરમાન દાયકા તરીકે ઓળખવામાં આવતો હતો અને આજે પણ એ જાજરમાન વારસો સચવાઈ રહ્યો છે જેને આપણે આનંદપૂર્વક અને આદરપૂર્વક માણીએ છીએ.. આપણે જેમ સેફ ડિપોઝીટમાં સોનું ચાંદી નગદ નારાયણ સાચવીએ છીએ ને એમ એમના ગીતો આપણા હૃદયમાં સચવાયેલા રહેશે એવું જો કોઈ કહે તો એમાં જરાય અતિશક્તિ નથી.

કવિ-ગીતકાર પ્રદીપજીના નામથી કોણ અજાણ છે? એવા શ્રી પ્રદીપજી અવિનાશ વ્યાસ માટે કહેતા કે

**" चाहे कोई माने या ना माने पर अविनाशभाई का मुकाबला कोई नही कर सका. वे अपनी जगह पर अद्वितिय थे और अद्वितिय रहेंगे!**

કેટલી સરસ અને સચોટ વાત કરી છે પ્રદીપજીએ? આપણે ગુજરાતીઓની સાથે તો અવિનાશ વ્યાસ એમની રચનાઓથી સતત ગૂંજતા જ રહ્યા છે અને રહેશે પણ ભારતવર્ષના ખ્યાતનામ કવિ જયારે એક સવાયા ગુજરાતી અવિનાશ વ્યાસ વિશે આવી શબ્દાંજલિ આપે ત્યારે ગુજરાતી તરીકે જાણે આપણું ગૌરવ વધી જાય.કવિ પ્રદીપજીએ લખેલા 'પીંજરે કે પંછી એ તેરા દર્દ ન જાને કોઈ" ગીત અવિનાશ વ્યાસે સ્વરબદ્ધ કર્યું હતું. અવિનાશ વ્યાસે પ્રદીપજી ઉપરાંત કમલ જલાલાબાદી, ઈન્દીવર, પ્રેમ ધવન, રાજા મહેંદી જેવા અનેક પ્રતિષ્ઠિત ગીતકારોના ગીતોને સ્વરબધ્ધ કર્યા હતા. એના પરથી જ આપણને એ કઈ કોટીના સર્જક, સંગીતકાર હશે એ સમજાય છે.

આ ગૌરવની વાત અહીંથી અટકતી નથી. ફિલ્મ સંગીતકાર શ્રવણકુમારે તો એટલે સુધી કહ્યું છે કે " मै ऐसा मानता हुं कि जीवनमें दो बात बहोत इ6पोर्टन्ट है , **एक जन्मदाता और दुसरे कर्मदाता !जैसे मेरे परम पूज्य पिताजी मेरे जन्मदाता है वैसे अविनाशजी मेरे कर्मदाता थे!**

મહત્વની કહેવાની વાત એ છે કે આ બધા જ ગાયકો ટોચ પર બિરાજતા હતા ત્યારે પણ ગુજરાતી જેવી પ્રાદેશિક ભાષા માટે એમણે સ્વર આપ્યો છે આનાથી એ સૌનો અવિનાશ વ્યાસ તરફનો આદરભાવ કેવો હશે એ કલ્પના કરી શકાય છે.

અવિનાશ વ્યાસ માટે લતા મંગેશકર, આશા ભોંસલે,ઉષા મંગેશકર, સુમન કલ્યાણપુર, ગીતા દત્ત, મન્નાડે, હેમંત કુમાર, મુકેશ, તલત મહેમુદ, મહેન્દ્ર



કપૂર, કિશોર કુમાર જેવા ખ્યાતનામ ગાયકોએ પોતાનો સ્વર આપીને ગૌરવ અનુભવ્યું છે.સૌથી મહત્વની અને ગૌરવ લેવા જેવી વાત એ છે કે આ અન્ય ભાષાના કલાકારોએ ભાવથી તરબોળ થઈને આપણા જેવી જ ભાવના આપણી ભાષાના ગીતમાં દિલથી પ્રગટ કરી છે. આનો જશ કલાકાર સાથે હું અવિનાશ વ્યાસને આપીશ.
આજે એક એવા ગીતની વાત કરવી છે..

**હું રંગોળી બની**
**બેઠીહતી**
**એક રંગ હતો ઓછો**
**એમાં**
**અધૂરી રંગોળી પૂરી થઈ**
**તું રંગ બનીને આવ્યો**
**એમાં**
**હું મોર બનીને**
**ભમતોહતો**
**કદી ડુંગરામાં કદી**
**વગડામાં,**
**મારા સુરના રણકારે તું**
**તો**
**ટહુકાર થઈ આવી એમાં**

અહીં વાત તો છે બે દિલની. ગીતકારની કલ્પના અને થોડામાં ઘણું કહી દેવાની રીત પણ અજબની છે ને? જેમ કોઈના ય જીવનમાં આખેઆખું, પૂર્ણ મેઘધનુષ્ય તો ત્યારે જ બને જ્યારે એમાં કોઈ એક મનગમતો રંગ આવીને ઉમેરાઈ જાય. હાથમાં અત્યંત ઝીણવટથી મૂકાયેલી મહેંદીમાં વ્હાલ તો ત્યારે વધી જયારે એમાં એક નામનો ખુબીપૂર્વક ગોઠવાયેલો પ્રથમ અક્ષર મળી જાય એવી રીતે શબ્દની સાથે સૂર મળે અને એ સૂરમાં સંગીત ભળે ત્યારે એ ગીત, કાવ્યનો રણકો બદલાઈ જાય. લખાયેલું ગીત વાંચવું અને સૂર-સંગીત સાથે સાંભળવામાં એ અત્યંત કર્ણપ્રિય બની જાય એ ક્યાં અજાણી વાત છે? અને અવિનાશ વ્યાસ તો ગીતકારની સાથે સંગીતકાર પણ હતા એટલે જ આપણે એમના ગીત-ગરબાને અલગ અંદાજથી પામ્યા. વળી ૧૯૭૮માં આ ગીત ગવાયું છે અને કદાચ એનાથી પણ પહેલાં લખાયું હશે. એ સમયે નારીને એક સન્માનીય પદે પ્રસ્થાપિત કરવી અને જીવનનૈયાની સ્થિરતાનો યશ આપવો એ કેટલી ઉમદા વાત છે ?

૧૯૭૮માં બનેલી આ ફિલ્મ 'નારી તું નારાયણી'માં અવિનાશ વ્યાસના આ ગીતમાં આશા ભોંસલે અને કિશોરકુમારે સ્વર આપ્યો છે. હવે આશા ભોંસલે મરાઠી અને કિશોર કુમાર બંગાળી અને તેમ છતાં ભાષાના અવરોધ વગર આ ગીત ગવાયું છે.

હવે જે વાત કરવી છે ને એ તો અવિનાશ વ્યાસ તરફ આપણું ગૌરવ વધુ ઊંચું જાય એવી છે. કહેવાય છે કે કિશોર કુમાર અત્યંત ધૂની હતા. એમની સાથે, એમની પાસે કામ લેવું અત્યંત અઘરું હતું. એ પોતાના પેમેન્ટ માટે આજના સમયમાં પ્રોફેશનલ કહેવાય એવા હઠાગ્રહી પણ હતા. રેકોર્ડીંગના દિવસે પણ સ્ટુડિયોમાં પહોંચે ત્યારે એમના મેનેજર તરફથી પેમેન્ટ મળ્યાનું ગ્રીન સિગ્નલ મળે પછી જ ગાતા. એકવાર તો પેમેન્ટ મળ્યું નહોતું તો સ્ટુડિયોની લાઈટનો પ્લગ કઢાવીને લાઈટ ઉડી જાય એવી પરિસ્થિતિ સર્જીને ઘેર ભાગી ગયા હતા.

હવે આવી જીદ્દી અને તરંગી વ્યક્તિ પાસે કામ લેવું કેટલું કપરું કહી શકાય અને તેમ છતાં અવિનાશ વ્યાસે આ શક્ય કરી બતાવ્યું.

આવી રીતે મન્નાડે કે હેમંત કુમાર કે જેમની વાણીમાં, જેમના લોહીમાં બંગાળી ભાષા વહેતી હોય એવા ગાયકો પાસે પણ એમણે ઉમદા કહી શકાય એવા ગીતો ગવડાવ્યા. એના લીધે ગુજરાતીઓને ભારતભરના શ્રેષ્ઠ ગાયકોને ગુજરાતી ગીત, ગરબા ગાતા સાંભળવાનો લ્હાવો મળ્યો. મન્નાડે કે હેમંત કુમારની જેમ ગીતા રોય પણ બંગાળી જ હતા ને? તેમ છતાં એમની પાસે પણ અવિનાશ વ્યાસે ખુબ સુંદર ગીતો ગવડાવ્યા જેમકે ' તાળીઓના તાલે ગોરી ગરબે ઘૂમવા જાય રે..( ફિલ્મ મંગલફેરા).

આવા તો અનેક ગાયકો છે અને અનેક ગીતો છે.. અને આ બધા જ બિનગુજરાતી ગાયકોના સ્વરમાં ગુજરાતી મસ્તી અને ગુજરાતી લહેકો મુક્યાનો જશ આપણે કોને આપીશુ? અલબત્ત અવિનાશ વ્યાસને જ સ્તો..

અવિનાશ વ્યાસ માટે એટલું તો જરૂર કહી શકાય કે એમણે જે રચનાઓ આપી એ એટલી હદે તો આપણા હૃદયમાં, મનમાં સ્થાયી થઈને રહી ગઈ કે કદાચ આપણે એ ગીતોના ગાયક કોણ હતા એ જાણ્યા વગર પણ એને માણ્યા..અને ભવિષ્યમાં પણ માણતા જ રહીશું. આપણને તો બસ યાદ રહ્યા અવિનાશી સદા બહાર અવિનાશ વ્યાસ.

જે આગળ જે ગીતોમાં ટહુકાની અને લહેકાની વાત કરી એની વાત આવતા અંકે.




## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૫૦)

### વર્ષા જાની



સુખદુઃખ વગરની જીવનની કલ્પના હોઈ જ ન શકે. ભગવાને ખૂદે પણ આ પૃથ્વી પર માનવ અવતાર ધારણ કરીને અઢળક દુઃખ વેઠ્યા. અને માનવજાત માટે પ્રેરણારુપ બન્યાં છે. આપણે ઋષિમુનીઓના વંશજો છીએ. આપણી ભારતીય સંસ્કૃતિ વેદવેદાંગોથી લઈને અનેક સ્તુતિઓનું સર્જન કરનાર ઋષિઓની પરંપરાની સંસ્કૃતિ છે. સંસારરુપી સાગર સુખદુઃખ રુપી મોજાંઓથી સતત હિલોળતો રહે છે. અને જયારે જયારે માનવ દુઃખરુપી મોજાઓના વમળમાં ફસાઈ જાય ત્યારે જ ઈશ્વરને યાદ કરે છે. ઈશ્વર પણ આર્તનાદથી પોકારતા પોતાના બાળકોને સતત સહાયરુપ બને છે. અને દુઃખમાંથી નીકળવાનો રાહ ચીંધે છે. ઋષિઓ દ્વારા અઢળક રક્ષા સ્તોત્ર લખાયેલા છે. અઢળક સ્તુતિઓનો ખજાનો છે, આપણી પાસે. પણ શરત એટલી કે કોઈપણ સ્તુતિ કે સ્તોત્ર ખરાં હૃદયથી, આર્તનાદથી પોકારીને કરવામાં આવે તો ગમેતેવી મુશ્કેલીમાં એ રામબાણ ઈલાજ સમાન સાબિત થાય છે.

બુધકૌશિક ઋષિ દ્વારા રચાયેલું ×શ્રી રામરક્ષા સ્તોત્ર ×દરેક ક્ષણે, દરેક સમયે મુશ્કેલીમાંથી પાર ઉતારનારું છે. બે અક્ષરનું ટૂંકું, સાવ સીધું સરળ એવું રામનું નામ ભવપાર ઉતારનારું છે. આપણને ખબર જ છે કે ખૂંખાર એવો વાલિયો લૂંટારો જંગલમાં રહીને અનેક લૂંટફાટ કરનારો, એને નારદમુનિ જેવાં દેવર્ષીનો ભેટો થાય, અને રામ નામનો મંત્ર મળે.. બિચારો સાવ અબુધ એવો વાલિયો રામ ને બદલે મરા.. મરા.. બોલે તો ય રામનામની લગન લાગી જાય.. અને વાલિયો મટી વાલ્મિકી બની જાય! એટલું જ નહી.. ભારતીય સંસ્કૃતિનો મહાન ગ્રંથ ×રામાયણ ×એના હાથે રચાય.. આવી અનેક જીવન પરિવર્તન કરાવનારી સંસ્કૃતિનાં આપણે બાળકો છીએ.. હાથી જેવું મહાકાય પ્રાણી મુશ્કેલીમાં ફસાયો હોય ત્યારે સૂંઢ ઊંચી કરીને માત્ર રા... બોલીને રામભગવાનને સમરે, ને ભગવાન એને મોક્ષ આપી દે..અને ગજેન્દ્ર મોક્ષ પામે!

આપણે તો ભગવાનનાં બહુ બુદ્ધિશાળી બાળકો છીએ!ક્યા સ્રોતથી કયો લાભ થાય એ જાણીને પછી જ આપણે એનો લાભ ઉઠાવીએ છીએ! એટલે જ દરેક સ્તુતિ કે સ્તોત્ર કે ભગવદ ગીતા જેવાં મહાન ગ્રંથોને વાંચવાથી કે પાઠ કરવાથી શો લાભ થાય, એનું મહાત્મ પણ લખાયેલું જોવા મળે છે. કલિયુગમાં નામ સ્મરણ અક્સિર ઈલાજ રુપ સાબિત થઈ શકે તેમ છે.રામરક્ષા સ્તોત્ર તો ઉત્તમ જડીબુટ્ટી સમાન છે.

पाताल भूतलव्योम चारिण श्र्छद्म् चारिण ।
न द्रष्टुमपि शक्तास्ते रक्षितं रामनामभि ? ।।

પાતાળમાં કે જમીન ઉપર ગમે ત્યાં તમે હો, પણ ભલે તમે ભગવાનને જોઈ ન શકો પણ, પામી તો જરૂર શકો, રામનામ તમારી જરૂર રક્ષા તો કરે જ છે.

लोकाभिरामं रणरङ्गधीरं
राजीवनेत्रंरघुवंशनाथम्
करुण्य रूपम करुणा करन्तम्
श्रीराम चन्द्रं शरणं प्रपद्ये ।।

લોકોનાં પ્રિય રાજા એવાં, કરુણતાનો ખજાનો એવાં રઘુવંશના વંશજ એવાં રામ અમને તમારું શરણુ આપો.

मनोजवं मारुततुल्यवेगं
जितेनद्रिंय बुद्धिमतां वरिष्ठम्।
वातात्मजं वानरयूथमु2यं
श्रीरामदूतं शरणं प्रपद्ये ।।

ભગવાન રામની એમના પ્રિય ભક્ત,બુદ્ધિમાં શ્રેષ્ઠ, વાનરજૂથના મુખ્ય એવાં શ્રી રામદૂતને પણ યાદ કરવામાં આવે છે.એનું શરણું પણ પામી શકાય છે.

राम रामेति रामेति रमे रामे
मनोरमे।
सह7नाम 8तुल्य राम नाम
वराननें।।

વિઘ્નહર્તા ગણપતિદેવની આરાધના કરવાથી પણ ઘણી શાતા મળે છે. ગણપતિ અથર્વશીર્ષ કે સંકટનાથન ગણેશસ્તોત્ર અને ઘોર કષ્ટોદ્ધારણસ્તોત્ર પણ અક્સિર ઉપાય સમાન છે.

पापं तापं व्याधिमधिम्च दैन्यं
भीतिम्1लेशं त्वं हराअसु
त्वदन्यम्।
त्रातारं नो विक्ष ईशास्तजूर्ते
घोरात्कष्टादुद्ध रास्मान्नमस्ते ।।

આમ, કલિયુગમાં નામ સ્મરણનો મહિના ઘણો હોવાનું સાંભળ્યું છે. જેમ કોઈ બાળક પોતાના માબાપ પાસે જીદ કે હઠ કરીને, રડીને, ધમપછાડા કરીને પોતાનું ધાર્યું પાર કરાવીને રહે છે. એમ આપણે સહુ પણ ઈશ્વરનાં બાળકો છીએ. ઈશ્વરનાં ઘણાં ઘણાં ગુનેગાર છીએ. છતાંપણ એ દયાનિધિ, કરુણાસાગરને આ મહામારીમાંથી ઉગારવા અને મહામારીનો અંત કરવા માટે આપણે સહુ એક સાથે સાચા હૃદયથી, આર્તનાદથી પ્રાર્થના કરીએ.ઈશ્વરને ઘૂંટણીયે પડીને કાલાવાલા કરીએ, તો એ ચોક્કસ આપણી પ્રાર્થના સાંભળશે જ.

સમૂહ પ્રાર્થનાનું બળ ઉત્કટ અને અસીમ હોય છે. ખરાં હૃદયભાવથી કરેલી પ્રાર્થના ક્યારેય એળે જતી નથી.

સબકો સનમતિ દે ભગવાન...

વર્ષા જાની
ભાવનગર
૨૫ એપ્રિલ ૨૦૨૧

---

**દેશમાં ત્રણ દિવસમાં જ નોંધાયા ૧૦ લાખ નવા કેસ, સૌથી વધુ એક્ટિવ કેસ બેંગલુરુમાં**

# કોરોના કહેર, ૩.૪૬ લાખ નવા કેસ અને ૨૬૦૦ મોત સાથે વધુ એક રેકોર્ડ

*ન્યુ દિલ્હી,તા.૨૪*

કોરોનાના કહેર વચ્ચે છેલ્લા કેટલાક દિવસથી દરરોજ ૩ લાખ કરતા પણ વધારે નવા કેસ સામે આવી રહ્યા છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના રેકોર્ડ સમાન ૩,૪૬,૭૮૬ નવા કેસ સામે આવ્યા છે અને ૨,૬૨૪ દર્દીઓના મોત થયા છે. આ સમય દરમિયાન ૨,૧૯,૮૩૮ દર્દીઓ સાજા પણ થઈ ગયા છે. શુક્રવારે પણ દેશમાં ૩.૩૨ લાખથી વધારે કોરોનાના નવા કેસ નોંધાયા હતા. દેશમાં વધી રહેલા કોરોના સંક્રમણ વચ્ચે હોસ્પિટલોમાં બેડ, ઓક્સિજન જેવી જરૂરી વસ્તુઓની ભારે તંગી સર્જાઈ છે.

દેશમાં શનિવારે જાહેર થયેલા કોરોનાના નવા આંકડાઓમાં રેકોર્ડ સમાન વધારો નોંધાયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના રેકોર્ડ સમાન ૩,૪૬,૭૮૬ નવા કેસ સામે આવ્યા હતા જયારે ૨,૬૨૪ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ બધા વચ્ચે દિલ્હીની જયપુર ગોલ્ડન હોસ્પિટલના એમડી ડૉક્ટર ડીકે બલૂજાએ કરેલા દાવા પ્રમાણે ગઈકાલે સાંજે ઓક્સિજનની તંગીના કારણે આશરે ૨૦ જેટલા અતિ ગંભીર કોરોના દર્દીઓના મોત થયા હતા.

મહારાષ્ટ્રમાં શુક્રવારે ૨૪ કલાકમાં કોરોનાના ૬૬,૮૩૬ નવા કેસ સામે આવ્યા હતા જયારે ૭૪,૦૪૫ દર્દીઓ સાજા થયા હતા. આ દરમિયાન ૭૭૩ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. રાજધાની દિલ્હીમાં કોરોનાના ૨૪,૩૩૧ નવા કેસ સામે આવ્યા હતા અને ૩૪૮ દર્દીઓના મોત થયા હતા. હાલ દિલ્હીમાં એક્ટિવ કેસ વધીને ૯૨,૦૨૯ થઈ ગયા છે.

દેશમાં કોરોનાના આંકડામાં સતત વધારો જોવા મળી રહ્યો, પરંતુ વસતિની દૃષ્ટિએ ભારત અત્યારે ઘણી સારી સ્થિતિમાં છે. આ મામલે આપણે વિશ્વમાં ૧૧૯મા નંબર પર છીએ, જ્યાં સૌથી વધુ કેસ આવી રહ્યા છે.

મળતી માહિતી પ્રમાણે, ભારતમાં દર ૧૦ લાખ વસતિમાં ૧૧,૯૩૬ લોકો સંક્રમિત થઈ રહ્યા છે અને ૧૩૬ લોકોનાં મોત થઈ રહ્યાં છે. આટલી જ સમાન વસતિમાં અમેરિકામાં ૯૮,૦૦૦, બહરીનમાં ૯૬,૦૦૦, ઈઝરાયેલમાં ૯૧,૦૦૦, ફ્રાન્સમાં ૮૩,૦૦૦, બેલ્જિયમમાં ૮૨,૦૦૦, સ્પેનમાં ૭૪,૦૦૦ અને બ્રાઝિલમાં ૬૬,૦૦૦ લોકો સંક્રમિત મળી રહ્યા છે. અહીં વસતિ દ્વારા મોતનો આંકડો પણ ઘણો વધારે છે, તેથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં હજી પણ સંક્રમણ નિયંત્રણમાં છે. જો તમે થોડી સાવધાની અને તકેદારી રાખશો, તો એને વધુ ઘટાડી શકાય છે.

એક્ટિવ કેસની સંખ્યા, એટલે કે દેશમાં સારવાર લેતા દર્દીઓ આજે ૨૫ લાખને પાર થઈ ગયા છે. દેશમાં હાલમાં ૨૫ લાખ ૪૩ હજાર ૯૧૪ દર્દી સારવાર લઈ રહ્યા છે. શુક્રવારે એમાં ૧ લાખ ૨૧ હજાર ૭૭૦નો વધારો થયો છે.

# વસૂલી કાંડઃ સીબીઆઈએ નોંધી અનિલ દેશમુખ વિરૂદ્ધ એફઆઈઆર, અનેક ઠેકાણે સર્ચ ઓપરેશન

ન્યુ દિલ્હી,તા.૨૪

સીબીઆઈએ મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખ વિરૂદ્ધ એફઆઈઆર નોંધી છે. દેશમુખ ઉપરાંત અન્ય કેટલાક અજ્ઞાત લોકો વિરૂદ્ધ પૂર્વ સીપી પરમવીર સિંહના આરોપોને લઈ કેસ નોંધવામાં આવ્યો છે. સીબીઆઈએ અનેક ઠેકાણે તપાસ પણ શરૂ કરી દીધી છે અને સીબીઆઈ જયાં તલાશી લઈ રહી છે તેમાં દેશમુખના આવાસનો પણ સમાવેશ થાય છે. મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમવીર સિંહના આરોપો બાદ અનિલ દેશમુખે રાજીનામુ આપવું પડ્યું હતું. પરમવીર સિંહે એક ચિઠ્ઠી લખીને અનિલ દેશમુખ પર ૧૦૦ કરોડ રૂપિયાની વસૂલીનો આરોપ લગાવ્યો હતો. મુખ્યમંત્રીને ઉદ્દેશીને લખેલી ચિઠ્ઠીમાં પરમવીર સિંહે આરોપ લગાવ્યો હતો કે, અનિલ દેશમુખ પોતાના નિવાસસ્થાને સચિન વાજે સાથે મુલાકાત યોજતા હતા. સાથે જ તેમણે દર મહિને મુંબઈમાંથી ૧૦૦ કરોડ રૂપિયા વસૂલી ઉઘરાવવાની વાત કરી હતી.

પરમવીર સિંહે આ મામલે હાઈકોર્ટના બારણે ટકોરા માર્યા હતા. ત્યાર બાદ હાઈકોર્ટે પરમવીરના આરોપોની તપાસનો દોર સીબીઆઈને સોંપ્યો હતો. કોર્ટે સીબીઆઈ ૧૫ દિવસમાં રિપોર્ટ આપે ત્યાર બાદ અનિલ દેશમુખ વિરૂદ્ધ એફઆઈઆર નોંધાશે કે નહીં તે નક્કી કરવામાં આવશે તેમ કહ્યું હતું. પરમવીર સિંહની ચિઠ્ઠી બાદ મહારાષ્ટ્રમાં રાજકીય ભૂકંપ મચ્યો હતો અને અનિલ દેશમુખ વિપક્ષના નિશાન પર આવી ગયા હતા. શરૂઆતમાં એનસીપી પ્રમુખ શરદ પવારે દેશમુખનો બચાવ કર્યો હતો અને તેમના રાજીનામાનો ઈનકાર કર્યો હતો. તેમણે દેશમુખ પર લાગેલા આરોપોને રાજકારણથી પ્રેરિત ગણાવ્યા હતા. જો કે, વિવાદ વકર્યો ત્યાર બાદ દેશમુખે રાજીનામુ આપવું પડ્યું હતું.

# અયોધ્યા વિવાદ મામલે શાહરૂખ ખાન દ્વારા મધ્યસ્થતા કરાવવા માંગતા હતા જસ્ટિસ બોબડે...!

ન્યુ દિલ્હી,તા.૨૪

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ એસએ બોબડેએ પોતાના આશરે ૧૭ મહિનાના કાર્યકાળના અંતિમ દિવસે કોર્ટ રૂમમાંથી વિદાય લેતા પહેલા પોતે પોતાના કાર્યકાળમાં 'બેસ્ટ' આપ્યું છે તેમ જણાવ્યું હતું. સાથે જ વકીલ અને સામાન્ય લોકો તેમના કાર્યકાળ વિશે શું કહેશે તેનાથી પોતે અજાણ છે તેમ પણ કહ્યું હતું.

જસ્ટિસ બોબડેના રિટાયરમેન્ટના દિવસે એક ખૂબ જ દિલચસ્પ ખુલાસો પણ થયો છે. સુપ્રીમ કોર્ટ બાર અસોસિએશનના અધ્યક્ષ વિકાસ સિંહે પોતાના ફેરવેલ ભાષણમાં અયોધ્યા વિવાદની સુનાવણી દરમિયાન ૫ જજોની વિશેષ પીઠના સદસ્ય જસ્ટિસ બોબડેના મધ્યસ્થતાના પ્રયત્નોનો ઉલ્લેખ પણ કર્યો હતો.

સિંહે જણાવ્યું કે, ૨૦૧૯ના માર્ચ મહિનામાં પીઠે મધ્યસ્થતા દ્વારા આ સંવેદનશીલ મુદ્દાના ઉકેલ માટે રજૂઆત કરી હતી. સમિતિ માટે નામ માંગવામાં આવ્યા હતા અને બાદમાં સમિતિ પણ બનાવાઈ હતી. તે સમયે જસ્ટિસ બોબડેએ સિંહને શું શાહરૂખ ખાન મધ્યસ્થતા સમિતિમાં સામેલ થવા તૈયાર થશે તેવો સવાલ કર્યો હતો. કારણ કે, જસ્ટિસ બોબડે આ વિવાદનો એવો સર્વમાન્ય ઉકેલ ઈચ્છતા હતા જેમાં કોઈને કોઈ જાતની આપત્તિ ન હોય. બાદમાં સિંહે શાહરૂખ ખાન સાથે વાત પણ કરી હતી અને તેઓ આ માટે ઉત્સાહપૂર્વક તૈયાર પણ થઈ ગયા હતા પરંતુ પછી વાત આગળ નહોતી વધી.

જસ્ટિસ બોબડેએ રિટાયરમેન્ટ દરમિયાન કહ્યું કે, પહેલા પણ આ પ્રકારની પળનો સાક્ષી બન્યો છું પરંતુ પોતાની રિટાયરમેન્ટ પીઠમાં બેસવું મિશ્ર ભાવનાત્મક ફીલિંગ આપે છે. હું તે શબ્દોમાં વ્યક્ત નથી કરી શકતો. છ્યકેકે વેણુગોપાલે મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ બોબડેની પ્રશંસા કરતા કહ્યું કે, જ્યારે ગત વર્ષે માર્ચ મહિનામાં કોરોના મહામારીનું વિકરાળ સ્વરૂપ ભારતમાં ફેલાવા લાગ્યું ત્યારે તેમણે ફિઝિકલ સુનાવણીને વર્ચ્યુઅલ સુનાવણીમાં ફેરવી દીધી હતી. જીય તુષાર મેહતાના કહેવા પ્રમાણે જસ્ટિસ બોબડે એક શ્રેષ્ઠ વ્યક્તિ હોવાની સાથે તેમની સેન્સ ઓફ હ્યુમર પણ અમેઝિંગ છે.

# કોરોના કાળમાં આઈઆઈટી દિલ્હીએ બનાવ્યો નેનોશોટ સ્પ્રે, ૯૬ કલાક કરે છે કામ

ન્યુ દિલ્હી,તા.૨૪

આઈઆઈટી દિલ્હીએ સ્ટાર્ટઅપ તરીકે એક એવો સ્પ્રે વિકસિત કર્યો છે જે સપાટી પર ૯૬ કલાક એટલે કે ૪ દિવસો સુધી પ્રભાવી રહે છે. આ સ્પ્રે વાયરસ અને બેક્ટેરિયાને મારવા માટે પ્રભાવી હોવા ઉપરાંત જૈવિક અને આલ્કોહોલ ફ્રી પણ છે. તે જમીન, કપડા અને વાસણ સિવાયની તમામ સપાટીને સાફ કરવાની ક્ષમતા ધરાવે છે.

આઈઆઈટી દિલ્હીના સ્ટાર્ટઅપ રામજા જેનોસેંસરે આ વસ્તુ બનાવવાનો દાવો કર્યો છે.

**તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.**
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001

CYMK